જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૪/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-      સમાચાર યાદી નં.૮૭૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૮ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-      સમાચાર યાદી નં.૮૭૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ચોરીઃ-      સમાચાર યાદી નં.૮૭૫/૧૭

**નવરંગપુરાઃ** સુધીરભાઇ રામાવતાર શર્મા (ઉ.વ.૫૫) (રહે. રત્નાકર-૩, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, જોધપુર, સેટેલાઇટ) તા.૨૪/૪/૧૭ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા, ઓફ સી.જી રોડ, બી.એસ.એન.એલ ઓફીસની ગલીમાં વી-ટેન ફ્લેટ આગળથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઇસમોએ સુધીરભાઈને ગાડી જોઇને ચલાવો  અમારા મોટર સાયકલને ગાડી અડી ગઈ તેમ વાતો કરી વાતોમાં વ્યસ્ત રાખી સુધીરભાઈ નજર ચુકવી કારનો દરવાજો ખોલી કારમાંથી બેગની ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે બેગમાં જરૂરી કાગળો ,મોબાઈલ નંગ-૨ અને રોકડ રૂપિયા મળી કુલ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ સુધીરભાઈ શર્માએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.વી.દેસાઇ ચલાવે છે.

### સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-      સમાચાર યાદી નં.૮૭૬/૧૭

**મણીનગરઃ** ભાવનાબહેન વા/ઓ નરેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૪૭) (રહે.ભગત કોલોની એબ્રોન સ્કુલ પાસે,મણીનગર રેલ્વે સ્ટેશન પાછળ મણીનગર) તા.૨૩/૪/૧૭ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે ઝગડીયા બ્રીજ ચડતા પરીમલ હોસ્પીટલ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ ભાવનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૪,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભાવનાબહેન પટેલે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૭૭/૧૭**

**શાહીબાગઃ** સંજ્ય કાંતીભાઇ પટણી (ઉ.વ.૩૩) (રહે. જ્યંતીલાલ ચુનીલાલની ચાલી ચમનપુરા સર્કલ પાસે શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૪/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે સંજય પટણીની પુત્રી રોશની (ઉ.વ.૫) સાઈઠ ટકાના છાપરાં ઘોડાવાળાની સામે રસ્તો ક્રોસ કરી રહી હતી ત્યારે અજાણ્યા રિક્ષા ચાલકે રિક્ષા પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી રોશનીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન રોશનીનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મનહરસિહ મગનસિહ ચલાવે છે.

**છઠ્ઠા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૭૮/૧૭**

**ચાંદખેડાઃ** નરવતભાઇ લાલુભાઇ બારીયા (ઉ.વ.૨૨) (હાલ રહે. નવી બનતી સાઈટ એપલ એલીગેન્સ-૩) (મુળ વતન વડલા ફળીયુ સિમલીયા તા-ઝાલોદ જિ-દાહોદ) તા.૨૨/૪/૧૭ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે ચાંદખેડા એપલ એલીગેન્સ-૩ ની નવી બનતી સાઇડના છઠ્ઠા માળે પાલક છોડતો હતો ત્યારે તેનો પગ લપસી જતા છઠ્ઠા માળેથી જમીન ઉપર પડી જતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનુજી કાળુજી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૭૯/૧૭**

**મેઘાણીનગરઃ** લલીતાબેન વા/ઓ શૈલેશભાઇ પટણી (ઉ.વ.૨૭) (રહે. માવજીદાસની ચાલી હીમગીરીસ્કુલ પાછળ મેઘાણીનગર) તા.૨૪/૪/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ ઉપર જમવાનુ બનાવતા હતા દરમ્યાન પ્રાઇમસ ફાટતા લલીતાબહેન દાઝી હયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૫/૪/૧૭ સવારના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અશોકસિહ લક્ષ્મણસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૮૦/૧૭**

**બાપુનગરઃ** ધર્મેશભાઇ મણીલાલ રાવળ (ઉ.વ.૪૭) (રહે.મહાવીરનગર પરસોતમભાઇની ચાલી હીરાવાડી) એ અગમ્ય કારણસર તા.૨૩/૪/૧૭ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)